**આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ડાયાલીસીસ સેન્ટરનું ઉદઘાટન**

## હરિની દૃષ્ટિ...




**બહેન... અમને તો સીલેબસ ખબર છે... તમે ભણશો પછી તેની મેળે જામી જશો કે સ્માર્ટ સિટી એટલે શું...??**

# આજથી પર્યુષણ મહાપર્વનો પ્રારંભ

## સે-૨૨ જૈન દેરાસર ખાતે સવારે પર્યુષણના વધામણા કરાશે : દરરોજ મહાવીર સ્વામીને ભવ્ય અંગરચના કરાશે

ગાંધીનગર, તા.૯

ગુરુવારથી પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. ગાંધીનગરના સે-૨૨માં જૈન દેરાસર ખાતે પર્યુષણ પર્વ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

પર્યુષણ પર્વ પ્રારંભ નિમિત્તે તા. ૧૦મી સપ્ટેમ્બર ગુરુવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન પર્યુષણના કર્તવ્ય તથા વધામણાનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં જૈન આચાર્ય પૂ. અરૂણોદયસાગરજી મ.સા. ઉપસ્થિત રહેશે. પર્યુષણ પર્વ દરમિયાન યોજાનારા વિશેષ કાર્યક્રમોમાં અષ્ટાનિકા પ્રવચન, કલ્પસુત્ર વાંચન, મહાવીર સ્વામી જન્મવાંચન, ચૌદ સુપન ઉતારવાના, સંઘ જમણ, ગણધર પ્રવચન, સ્થવિરાવલી વાંચન, બારસાસૂત્ર પૂજન, સંવત્સરી પ્રતિક્રમણ, તપસ્વીઓના સામૂહિક પારણા તથા અનુમોદનાનો વરઘોડો તથા સ્વામી વાત્સલ્ય વગેરેનો સમાવેશ થાય છે.

પર્યુષણ પર્વ જૈનો માટે અતિ પવિત્ર પર્વ ગણાય છે. આ પર્વ દરમિયાન જૈનો સાધના-ઉપાસના-તપ કરે છે. પર્વ દરમિયાન મહાવીર સ્વામી પ્રભુનો દરરોજ ભવ્ય અંગરચના દ્વારા શણગારવામાં આવે છે. શ્રાવકો ઉપવાસ તપ એકાસણા વગેરે તેમજ તપસ્વીઓ અઠ્ઠાઈ અને અઠ્ઠાઈથી પણ વધુ ઉપવાસ વગેરે કરે છે. સંવત્સરીના દિવસે આ પર્વની પુર્ણાહુતિ કરાય છે અને ત્યારબાદ તમામ જૈનો એકબીજાને 'મિચ્છામી દુક્કડમ' કહી પોતાની જાણતા અજાણતા થયેલ ભૂલોની ક્ષમા માંગી શુભેચ્છાઓ પાઠવે છે.



## ખૂણે ખાંચરેથી...

● શ્રાવણ માસ તેના અંતિમ ચરણમાં છે આ પછી ભાદરવી પૂનમના અંબાજી ખાતે યોજાતા મેળાને લઈ પદયાત્રીના સેવા કેન્દ્રો માટે નગરમાં સેવાભાવીઓની બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓગસ્ટ માસ દરમિયાન ૯૨ કેસ મેલેરિયાના નોંધાયા છે. જેમાં ૭૬ કેસ સાદા મેલેરિયાના છે જ્યારે ૧૬ કેસ ઝેરી મેલેરીયાના છે.

● આજે ગુડા દ્વારા આવાસ યોજનાના ટાઉનહોલ ખાતે યોજાયેલ લોકાર્પણ સમારોહ સાથે યોજાયેલ બેંકોના લોન મેળામાં ૯૦૦થી વધુ અરજદારોની લોન માટેની ઈન્કવાયરી બેંકર્સને મળી છે. જેમાં દેના બેંક, એસ.બી.આઈ., પંજાબ નેશનલ બેંક અને સેન્ટ્રલ બેંક અગ્રેસર છે. જ્યારે ખાનગી બેંકોમાં લોકોએ ઓછી પૃચ્છાઓ કરી હતી.

● સેક્ટર-૨૭માં એક રખડતા આખલાને પોઈઝનીંગ થઈ જતાં ત્રણ દિવસથી તે મોત સામે ઝઝૂમી રહેલ છે. જલારામ સેવા મંડળ, સરકારી વેટરનરી ડૉક્ટર સહિતના જીવદયાપ્રેમીઓ તેની સારવારમાં વ્યસ્ત બન્યા છે. જોકે આજે સાંજે તેની તબિયત નાજુક બની હતી અને તેને કોઈ નજીકની પાંજરાપોળમાં ખસેડવાની ક્વાયત ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

● વાવોલના કીર્તિધામ ફિડરમાં તકનીકી ખામી ઉભી થતાં વાવોલ - ઉવારસદ રોડ પર આવેલી સંખ્યાબંધ સોસાયટીમાં વિજળી વેરણ બની હતી.






સરકારી કર્મચારીઓ પર કામનું ભારણ બહુ જ હોય તે સ્વાભાવિક છે પણ આદેશ કરી, રોડ ડિવાઈડર પર તૂટેલી હાલતમાં સાઈન બોર્ડને ઊભા કરવાની કે હટાવવાની કાર્યવાહી કરી શકે તેવો સમય પણ નથી કે પછી તેનાં માટે નવા 'જી.આર.'ની રાહ જોવાની છે ! (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી કંડક્ટરની પેટી જ ચોરાઈ ગઈ

## ઈ.ટી.એમ. મશીન, ટીકીટ ભાડામાં આવેલા ૩ હજાર રોકડા અને એક મોબાઈલ પેટીમાં હતો : કંડક્ટરે આપી પોલીસ ફરીયાદ : ડેપોના સીસીટીવી કેમેરા શોભાના ગાંઠીયા સમાન

ગાંધીનગર, તા. ૯

કપડવંજ-ગાંધીનગર રૂટની એસ.ટી. બસના ડ્રાઈવર-કંડક્ટર નાઈટ હોલ્ડ માટે ગાંધીનગર ડેપોમાં રોકાયા તે દરમ્યાન કોઈ શખ્સ કંડક્ટરની આખી સરકારી પેટી જ ઉઠાવી ગયું હોવાની ચોંકાવનારી વિગત બહાર આવી છે. ઈ.ટી.એમ. (ઈલેક્ટ્રીક ટીકીટ મશીન), ભાડાના રૂ. ૩ હજાર અને એક મોબાઈલ મળી રૂ. ૧૪ હજારનો મુદ્દામાલ ભરેલી પેટીની ચોરી પ્રકરણમાં કંડક્ટરે સે. ૭ પોલીસમથકમાં ફરીયાદ નોંધાવી છે.

૬ સપ્ટેમ્બર કપડવંજ-ગાંધીનગર રૂટની એક એસ.ટી. બસના ડ્રાઈવર-કંડક્ટરે ગાંધીનગર ડેપોમાં નાઈટ હોલ્ડ કર્યો હતો. રાતનું ટીફીન લીધુ તેટલામાં જ કોઈ શખ્સ કંડક્ટર અભેસિંહ પુંજાજી રાઠોડની સરકારી પેટી ચોરી ગયું હતું. પેટીમાં એક મોબાઈલ, ઈલેક્ટ્રીક ટીકીટ નીકાળવાનું મશીન અને મુસાફરોને ટીકીટ આપીને તે પેટે વસુલેલા રૂ. ૩ હજાર રોકડા પડ્યા હતા. રૂ. ૧૪ હજારનો મુદ્દામાલ ભરેલી પેટીની ચોરી અંગે કંડક્ટરે ફરીયાદ આપતા સે. ૭ પોલીસે તપાસ શરૂ કરી છે. નોંધવુ રહેશે કે ડેપોના સીસીટીવી ફુટેજ પણ ચેક કરવામાં આવ્યા પરંતુ કેમરા શોભાના ગાંઠીયા સમાન સાહિત થયા..! રાત્રે કોણ પેટી ચોરી ગયું તે અંધારામાં ચહેરો દેખાતો જ નથી..!

## એથ્લેટિક્સ રમતોમાં આર. એન. પટેલ શાળાના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા

ગાંધીનગર, તા. ૯

શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી શાળાના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું. હાલમાં રમાયેલ એથ્લેટિક્સ રમતમાં શાળાના ધોરણ-૮/સીમાં અભ્યાસ કરતો દિવ્યરાજ રાણાએ ઊંચીકૂદમાં પ્રથમ ક્રમાંક તેમજ લાંબી કૂદમાં દ્વિતીય ક્રમાંક મેળવી વિજેતા બન્યો હતો તથા ધોરણ-૮/ઈમાં અભ્યાસ કરતો હિમાંશુ વાઘાણી લાંબીકૂદમાં પ્રથમ ક્રમાંક મેળવી વિજેતા બન્યો હતો. શાળાના ખેલાડીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ફિઝિયોથેરેપી કોલેજના વિદ્યાર્થીઓ વૃદ્ધાશ્રમની મુલાકાતે

૮ સપ્ટેમ્બર વર્લ્ડ ફિઝીયોથેરાપી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. શહેરની સેક્ટર-૨૩ સ્થિત કડી સર્વવિશ્વ વિદ્યાલય સંચાલીત સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી દિને વૃદ્ધાશ્રમમાં જઈ વડીલો સાથે મુલાકાત કરી અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.

## કુડાસણમાં બે દિવસીય ડ્રામા વર્કશોપ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં ઈમેજીન એક્ટિવીટી સેન્ટર દ્વારા બે દિવસીય ડ્રામા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ સ્ટેજ માટે યોજાયેલા આ વર્કશોપમાં ૬ થી ૧૨ વર્ષના બાળકોને વિવિધ તાલીમ આપવામાં આવનાર છે. આ તાલીમમાં બેઝીક થીએટર ગેમ્સ, રિમુવ સ્ટેજ ફિઅર, અન્ડર સ્ટેન્ડિંગ ઑફ રોલ અને ઓબ્ઝર્વેશન ડેવલોપીંગ જેવા વિષયોનો સમાવેશ કરાયો છે. આ વર્કશોપ તા. ૧૨મી સપ્ટેમ્બરથી ૧૩મી સપ્ટેમ્બર દરમિયાન ૪૪, સપ્તઋષિ સોસાયટી, એનઆઈડીની સામે કુડાસણ ખાતે યોજાશે. વર્કશોપનો સમય શનિવારે ૩ થી ૬ વાગ્યાનો અને રવિવારે ૧૦.૩૦થી ૬ વાગ્યા દરમિયાનનો રાખવામાં આવેલ છે.

## પર્યુષણ આત્મ વિશુદ્ધિનું પર્વ છે




**પરમપુજ્ય આચાર્યશ્રી અરણોદયસાગર મહારાજ સાહેબની અમૃત વાણી**

આજથી આત્મવિશુદ્ધિનું પર્વ શરૂ થાય છે. આમ તો આત્મ હિતેચ્છુઓ માટે પ્રતિ પળ આત્મ-શુદ્ધિ માટે જ હોય છે. પણ પ્રસંગે-પ્રસંગે આવતાં આવાં પર્વો પ્રમાદને દુર કરી જાગૃતિ આણવાનું કાર્ય કરે છે. જેઓ નિયમિતપણે શુભ કાર્યમાં સંકળાયેલા હોય છે. તેઓ માટે પણ પર્વના દિવસો વિશેષ પ્રકારે શુદ્ધિ સાધવા માટે જ હોય છે. પર્યુષણના આ આઠ દિવસોમાં આવશ્યપણે સાધવા યોગ્ય પાંચ કર્તવ્યોને સાધી લેવાના છે. અમારી પ્રવર્તન (અહિંસાનું પાલન) સાધર્મિક બંધુઓની ભક્તિ, ક્ષમાપના, અઠ્ઠમતપ, ચૈત્યપરિપાઠી... આ પાંચ કર્તવ્યો છે. ''મારી'' એટલે હિંસા, ''અમારી'' એટલે અહિંસા હિંસા અધર્મ છે. પાપ છે. જ્યારે અહિંસા ધર્મ છે. પુણ્ય છે.

**પર્યુષણ પ્રથમ દિવસ**

હિંસાથી જેમ નિરપેક્ષતા સર્જાય છે. તેમ મૈત્રી અને ભ્રાતૃત્વભાવપણ નબળો પડે છે. શ્રમણ ભગવાન મહાવીરદેવ વિશ્વબંધુત્વની ભાવનાના બળે શ્રેષ્ઠત્તમ અવસ્થાને પામવા સદભાગી બન્યા હતા. જગતના તમામ જીવો સાથેની મૈત્રીભાવના અંતરના વેર-ઝેરને દુર કરે છે. કોઈપણ જીવ પ્રત્યે રહેલો રાગ છે કે રોષનો વિચાર સાધનાના ક્ષેત્રમાં સ્પીડ-બ્રેકરનું કાર્ય કરે છે. ગુણવૃદ્ધિની ગતિની અવરોધે છે. મુક્તિ-મંઝિલના પથ પર લાલ બત્તી ધરે છે. અંતરના દોષોમાંથી મુક્ત થવા માટે પોતાના જ રાગ-દ્વેષને દુર કરવા. આત્માની સાથે જ ક્ષમાભાવને ધરવો જોઈએ. પોતાની સાથે પણ ક્ષમાયાચના કરવી જોઈએ કે મારા કેળવાયેલા દોષોથી જ મારો આત્મા દુઃખી છે. પ્રભુના એ આદેશો ભુલવા ન જોઈએ. ખમવું અને ખમાવવું એ મારો ધર્મ છે. સામા જીવના દેખીતા અપરાધો માટે ઉપશમ ભાવ ધરીને તે જીવો પ્રત્યે પણ મૈત્રીનો મંગળભાવ કેળવી પોતાની ગુણ-સમૃદ્ધિને પુષ્ટ કરાય છે. ક્ષમાનો ભાવ જ્યાં છે. ત્યાં જ આરાધક ભાવ છે. અન્યથા વિરાધકભાવમાં તો ધર્મ સાધી શકાતો નથી.

અંતરની આવી મલીનતાને ઉલેચવા તપ પરમ ઔષધ છે. પર્વના આઠ દિવસમાં વાર્ષિક શુધ્ધિ માટે ત્રણ ઉપવાસનું તપ આવશ્યક છે. તપથી અશુભ વિચાર કર્મનો કાદવ દૂર થાય છે. દેહ પણ પવિત્ર બને છે તેથી વિચારોની નિર્મળતામાં સમભાવ પ્રગટતાં ચિત્ત પ્રભાવિત થાય છે. આસક્તિને હટાવવા તપથી આત્માને તપાવવો જોઈએ. તપવાનો પણ પ્રભાવ હોય છે. તપવાથી સુવર્ણ સુદ્ધ બને છે. ફળમાં મીઠાશ આવે છે. રોટલી પણ તપવાથી જ મીઠી બને છે.

આવી પવિત્રતાને વરવા માટે જેઓનો મહાન ઉપકાર આપણા જીવન ઉપર થયેલો છે. તેવો રાગ-દ્વેષ રહિત વીતરાગતોને વરેલા જિનેશ્વર દેવોના જિનાલયે સામૂહિક દર્શન-પૂજન કરવા જવું જોઈએ. સંસારમાં સત્ય અને સન્માર્ગની ગંગોત્રી પરમાત્મા જ છે. કર્મની મલીનતાને ધોઈ વિશુદ્ધ બનેલા પ્રભુને જોવાથી અને એ પ્રભુની ઉપાસનાના ઉપકરણો ભક્તિભાવથી અર્પણ કરતા સન્માર્ગની પ્રાપ્તિ થાય છે. અને મળેલા એ શુભ માર્ગના પ્રભાવે આપણું જીવન પણ શુદ્ધતાને વરવા ભાગ્યશાળી બને છે. આવો ! આપણે સૌ આવા પર્વાધિરાજ પર્યુષણના મહાપર્વને સાધી લઈએ. મળેલી આ મોંઘી તકને વધાવી લઈએ.

# આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ડાયાલીસીસ સેન્ટરનું ઉદઘાટન

ગાંધીનગર તા.૯

આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે અધ્યતન ડાયાલીસીસ સેન્ટરનું ઉદઘાટન આરોગ્યપ્રધાન નિતિનભાઈ પટેલના હસ્તે સવારે દશ કલાકે કરવામાં આવશે. આ સેન્ટરમાં એક સાથે દશ વ્યકિતનું ડાયાલીસિસ થઈ શકે તેવી સુવિધા ઉપ્લબ્ધ છે. ગાંધીનગર જિલ્લાના કિડનીને લગતા રોગથી પિડાતા દર્દીઓને આ અધતન ડાયાલીસિસ સેન્ટરનો લાભ મળશે.

કિડનીને લગતી બિમારી ગંભીર છે. આ બિમારીને પગલે શરીરમાંથી લોહીનું શુધ્ધીકરણ અટકી જાય છે. તેમજ દર્દીને યુરીન પાસ થતું નથી. જેને કારણે દર્દીના શરીરમાં પાણીને ભરાવો થાય છે. આ બિમારીથી રાહત મેળવવાનો માત્ર એક જ ઉપાય હોય છે. ડાયાલિસીસ... કિડનીને લગતી ગંભીર બિમારીના દર્દથી પિડાતા દર્દીઓ ડાયાલિસીસ દ્વારા શરીરમાં લોહીનું શુધ્ધીકરણ અને પાણીનો થયેલો ભરાવો દુર કરવામાં આવે છે. પરંતુ કિડનીને લગતી બિમારી અતિશય મોંઘી અને ખર્ચાળ છે. સામાન્ય રીતે આર્થિક સ્થિત ધરાવતા દર્દીઓ માનસિક,શારીરીક,અને આર્થિક રીતે પડી ભાગે છે. કારણ કે ઓપરેશન પહેલા દર્દીને ડાયાલીસિસ ફરજીઆત કરાવવું પડે છે. રાજયભરમાં કેટલાંક સરકારી ડાયાલીસિસ સેન્ટર છે. તે ઉપરાંત પ્રાઈવેટ ડાયાલીસિસ સેન્ટર અત્યત મોંઘા તેમજ ખર્ચાળ છે. દર્દીની શારીરીક તબિયતને ધ્યાને લઈ અઠવાડીયામાં એક, બે, અથવા ત્રણ વાર ડાયાલિસિસ કરાવવું પડે છે. અત્યંત કઠીન સારવાર અને ખર્ચને લઈ દર્દી પડી ભાગે છે. તેવા સંજાગોમાં રાજય સરકારના સહયોગથી આઈ. કે. ડી. આર. સી. દ્વારા રાજયના ૨૮ જેટલા વિવિધ શહેરોમાં ડાયાલીસિસ સેન્ટર શરુ કરવામાં આવ્યા છે. જેમાં સિધ્ધપુર, ભાવનગર, રાજકોટ, હિંમતનગર, ખેડબ્રહ્મા, મહેસાણા, કડી, લીમડી, નડીયાદ, બરોડા, સુરત, જામનગર, ધારપુર(પાટણ), નવસારી, વ્યારા,

● અનુસંધાન પાના - ૭ પર

## જ્યોતિ મહિલા મંડળ દ્વારા વિવિધ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૯

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સે-૨૨ અંતર્ગત જ્યોતિ મહિલા મંડળ દ્વારા આગામી તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ બપોરે ૧.૩૦ કલાકે સે-૨૨ રંગમંચ ખાતે ભજન, આરતી, સુશોભન, ફુલદાની અને શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે હલ્દી કંકુનો વિશેષ કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે. સ્પર્ધામાં નગરની બહેનોને વિશાળ સંખ્યામાં ભાગ લેવા લતાબેન ચોકસી અને ચેતના બુચે અનુરોધ કર્યો છે.

## લોહાણા યુવા સંગઠન દ્વારા પ્રવાસનું આયોજન

ગાંધીનગરના લોહાણા યુવા સંગઠન દ્વારા આગામી તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૯-૦૦ કલાકે પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને શ્રધ્ધાંજલીના ભાગરૂપે 'વિજ્ઞાનની સફર' અંતર્ગત સાયન્સ સીટી, અમદાવાદ ખાતે એક દિવસીય નિઃશુલ્ક પ્રવાસનું આયોજન કરવામાં આવશે. લોહાણા સમાજના ધો-૫ થી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી યુવક-યુવતીઓ માટે પ્રવાસ કરાશે. પ્રવાસમાં જોડાવવા ઈચ્છતા લોહાણા સમાજના યુવક યુવતીઓએ ૧૩ સપ્ટેમ્બર સુધીમાં જલારામ મંદિર ખાતેથી પ્રવેશ ફોર્મ મેળવી જમા કરાવવાનું રહેશે.

## નિફ્ટમાં હિન્દી પખવાડીયાની ઉજવણી

ગાંધીનગર, તા. ૯

કેન્દ્ર સરકારના ગૃહ વિભાગ દ્વારા આગામી તા. ૧ થી ૧૪ સપ્ટેમ્બરના રોજ હિન્દી ભાષાના પ્રચાર માટે ખાસ સરકારી કચેરીઓમાં હિન્દી દિવસ ઉજવવામાં આવે છે. ગાંધીનગરના પાંદરે આવેલી ફેશન ડીઝાઈનીંગની પ્રસિદ્ધ સંસ્થા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ડિઝાઈનીંગ સંસ્થામાં આગામી તા. ૯ થી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન હિન્દી પખવાડીયાની ઉજવણી કરવામાં આવી રહી છે.

જે અન્વયે નિફ્ટ સંસ્થામાં વિદ્યાર્થીઓ દ્વારા દરરોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન હિન્દી ભાષાનાં પ્રચાર પ્રસાર અર્થે કરવામાં આવ્યું છે. હિન્દી પ્રત્યે રૂચિ વધારવા સ્પર્ધાઓ દ્વારા પઠન, હિન્દી ભાષાત્તર, હિન્દી શબ્દ લેખન અને પોસ્ટર મેંકિંગ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.



ચોમાસામાં તૂટી પડેલા ઝાડને કાપી હટાવવાની કામગીરી ધીમી ગતિએ પણ તંત્ર દ્વારા ચાલી રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)




SANGHI CEMENT · KisaN · ashirvad · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ